જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૪/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૫૮૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી, ૩૯૪ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૦૧૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૩૨ બિયર ટીન, ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૧,૩૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૫૮૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૫૮૯/૨૦૨૬**

રામોલઃ અરવિંદભાઈ કામતાપ્રસાદ કુશ્વાહ (રહે.માતૃભક્તિ સોસાયટી સુરેલીયા રોડ વસ્ત્રાલ રામોલ) એ તા.૨૫/૦૪/૨૦૨૬ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૪/૨૦૨૬ સવારના ૧૦/૩૦ થી તા.૨૧/૦૪/૨૦૨૬ ના કલાક ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૩૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/– ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી હિરેન્દ્રસિંહ અનોપસિંહ ચલાવે છે.

દસમા માળેથી પડી જતાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૫૯૦/૨૦૨૬**

સોલા હાઇકોર્ટઃ ભાડજ સર્વસ્વ એબોર્ડ નામની બિલ્ડિંગની નવી બનતી સાઇટની લેબર ઓરડી ખાતે રહેતા અને ત્યાંજ મજુરીકામ કરતા વિપુલભાઈ સિમળીયાભાઈ હઠીલા (૩૫.૨૫)(મુળ વતન: ગામ– ખરોદા આલની તલાઈ ફળિયું તા.જી.દાહોદ) તા.૨૪/૦૪/૨૦૨૬ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે સાઇટના દસમા માળે આવેલ ફ્લેટના બાથરૂમના ખુલ્લા ડકમાં પ્લાસ્ટરનું કામ કરતા હતા ત્યારે અચાનક દસમા માળેથી પહેલા માળના બાથરૂમના ડકના ભાગે પડી જતા શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે તેમને સોલા સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૪/૨૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમિતકુમાર કિશોરભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૫૯૧/૨૦૨૬**

સરદારનગરઃ નોબલનગર, નંદીગ્રામ સોસાયટી, સેકટર–૨ ખાતે રહેતા મુકેશભાઇ મકવાણા નાઓના ૧૭ વર્ષના પુત્ર એ અગમ્ય કારણસર તા.૨૫/૦૪/૨૦૨૬ બપોરના ૧/૩૦ થી સાંજના ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર જયંતીલાલ ચલાવે છે.

રખિયાલઃ તનવીરઅહેમદ મુક્તારઅહમદ (ઉ.વ.૩૪)(રહે.ગુ.હા.બોર્ડ,આવાજ ઘરની સામે,રખિયાલ મૂળ વતનઃ તંદ મેંદાસ ગામઃ પોસ્ટે નગીના દેહાત બીજનોર, ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૪/૨૦૨૬ બપોરના ૨/૦૦ થી ૪/૦૦ વાગ્યા દરમ્યાન ઘાબાની શીલીંગ સાથે કાપડની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નીકુલકુમાર ઈશ્વરભાઇ ચલાવે છે.

વટવાઃ (૧) પંકજકુમાર લલન જાતે:– સાવ (ઉ.વ.૨૧) (રહે. કાસ્ટિંગ પાર્ક લેબર કોલોની રૂમ નંબર–૧૩ એસ.પી. રીંગ રોડ વટવા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૪/૨૦૨૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક રૂમના પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રામદેવસિંહ ચતુરસિંહ ચલાવે છે.

વટવાઃ (૨) મુકેશભાઇ સ/ઓ કિશનલાલ ભાવસાર (ઉ.વ.૫૨)(રહે.રાધે હાઇટસ–૨, કર્ણાવતી એગ્રીકલચર માર્કેટ પાસે રોપડા વટવા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૪/૨૦૨૬ બપોરના ૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે સિલીંગ હુક સાથે દોરડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રામદેવસિંહ ચતુરસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી